# India’s humanitarian assistance to Afghanistan

June 02, 2022

---

# અફઘાનિસ્તાનને ભારતની માનવતાવાદી સહાય

02 જૂન, 2022

વિદેશ મંત્રાલયનાં સંયુક્ત સચિવ (પીએઆઇ) ની આગેવાની ધરાવતી એક ટીમ અફઘાનિસ્તાનને આપણી માનવતાવાદી સહાયની કામગીરીઓ પૂરી પાડવાની બાબત જોવા માટે હાલમાં કાબૂલની મુલાકાત પર છે.

2. આ મુલાકાત દરમિયાન, આ ટીમ માનવતાવાદી સહાયનાં વિતરણમાં સામેલ આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનાં પ્રતિનિધિઓને મળશે. આ ઉપરાંત, આ ટીમ જ્યાં ભારતીય પ્રોગ્રામો / પરિયોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી હોય તેવા વિવિધ સ્થળોની મુલાકાત લે તેવું અપેક્ષિત છે.

3. તે બાબતની સ્મૃતિ કરી શકાય કે અફઘાન લોકોની માનવતાવાદી જરૂરીયાતોનાં પ્રતિભાવમાં, ભારતે અફઘાન લોકોને માનવતાવાદી સહાય આપવાનું ચાલું રાખવાનું નક્કી કર્યું હતું. આ પ્રયાસમાં, આપણે 20,000 મેટ્રિક ટન ઘઉ, 13 ટન દવાઓ, કોવિડ રસીનાં 5,00,000 ડોઝ અને શિયાળુ કપડાઓ સમાવતી માનવતાવાદી સહાયની કેટલિક શિપમેન્ટ અગાઉ મોકલી દીધી છે. આ કન્સાઇનમેન્ટો કાબુલમાં સ્થિત ઇન્ડિયા ગાંધી ચિલ્ડ્રન હોસ્પિટલ અને WHO અને WFP સહિતની સંયુક્ત રાષ્ટ્રની વિશેષ એજન્સીઓને સોંપવામાં આવી હતી. વધુમાં, ભારત અફઘાનિસ્તાનને વધારે તબીબી સહાય અને ધાન્યો મોકલવાની પ્રક્રિયામાં છે.

4. અફઘાન ભાઈચારા સાથે આપણી વિકાસાત્મકત ભાગીદારી સાથે સાતત્યતામાં, ઈરાનમાં રહેલા અફઘાન શરણાર્થીઓને આપવા માટે ભારતમાં બનાવેલી કોવેક્સિનમાં દસ લાખ ડોઝ આપણે ઈરાનને ભેંટ આપ્યા છે. આપણે લગભગ પોલિયોની રસીનાં 6 કરોડ ડોઝ અને 2 ટન અતિ મહત્વપૂર્ણ દવાઓ પૂરી પાડીને યુનિસેફને પણ સહાય કરી છે.

5. ભારતનાં વિકાસ અને માનવતાવાદી સહાયને સમગ્ર અફઘાન સમાજમાં બૃહદ પ્રશંસા પ્રાપ્ત થઇ છે.

6. આ જોડાણમાં, ભારતીય ટીમ તાલિબાનનાં વરિષ્ઠ સભ્યોને મળશે અને અફઘાનિસ્તાનનાં લોકોને ભારતની સહાય પર ચર્ચાઓ યોજશે.

7. ભારત અફઘાન લોકો સાથે ઐતિહાસિક અને સંસ્કૃતિનાં જોડાણો ધરાવે છે અને આ દિર્ઘકાલીન જોડાણો આપણા અભિગમને માર્ગદર્શિત કરવાનું ચાલું રાખશે.

**નવી દિલ્હી**
**02 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.